# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૧ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૯, શુક્રવાર; મહા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાકને સિંધૂ સમજૂતિ હેઠળ પાણી નહીં અપાય

**પુલવામા હુમલા બાદ મોટો નિર્ણય કરાયો : ત્રણ નદીઓ પર બનેલા નવા પ્રોજેક્ટની સહાયથી પાણી હવે પંજાબ-જમ્મુ કાશ્મીરની નદીઓમાં પ્રવાહિત કરાશે : આ પાણીને યમુનામાં લાવવામાં આવશે જેથી યમુનાનું જળસ્તર ઉંચુ આવશે : પાકિસ્તાન જનારી ત્રણ નદીઓ પૈકી એકનું પાણી બંધ કરવામાં આવશેઃ નીતિન ગડકરી**



નવી દિલ્હી, તા. ૨૧

પુલવામાના ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાનની સામે કઠોર વલણ અપનાવીને ભારત સરકારે સિંધુ જળ સમજૂતિ છતાં હજુ સુધી પાકિસ્તાનને આપવામાં આવી રહેલા વ્યાસ, રાવિ અને સતલુજ નદીના પાણીને રોકવાનો નિર્ણય કર્યો છે. સિંધુ જળ સમજૂતિ હેઠળ પાકિસ્તાનને આપવામાં આવનાર પાણી બંધ કરવામાં આવશે. સરકાર તરફથ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે, ત્રણેય નદીઓ ઉપર બનેલા પ્રોજેક્ટની મદદથી પાકિસ્તાનને આપવામાં આવી રહેલું પાણી હવે પંજાબ અને જમ્મુ કાશ્મીરની નદીઓમાં પ્રવાહિત કરી દેવાશે. આના માટે જમ્મુ કાશ્મીરના શાહપુર-કાંડીમાં રાવિ નદી ઉપર એક પ્રોજેક્ટનું નિર્માણ કામ શરૂ થઈ ચુક્યું છે. ૧૯૬૦માં પાકિસ્તાન સાથે સિંધૂ જળ સમજૂતિ થઈ હતી. પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલાને ત્રાસવાદીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યા બાદ દેશભરમાં લોકોમાં પહેલાથી આક્રોશ છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદીઓ દ્વારા ગુપ્તરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી

● અનુસંધાન પાન-૭ પર



## પુલવામા હુમલામાં મારો હાથ નથી : મસૂદ અઝહર

**હું આદિલને ઓળખતો પણ નથીઃ પુલવામા હુમલા મુદ્દે નફ્ફટ આતંકીનો ઓડિયો જાહેર : પુલવામા હુમલાથી ભારતના વડાપ્રધાનને લોકસભા ચૂંટણીમાં નુકસાન થશે, પાકિસ્તાન-મીડિયા ખૂબ ડરપોક છેઃ અઝહર**

ન્યુ દિલ્હી,તા.૨૧

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલા એક સપ્તાહ પછી જ જૈશ-એ-મોહમ્મદના ચીફ મૌલાના મસૂદ અઝહરે એક નવો ઓડિયો જાહેર કર્યો છે. નવા ઓડિયોમાં મસૂદ અઝહરે પુલવામા હુમલામાં હાથ હોવાનો ઈકાર કર્યો છે. એટલે સુધી કે તેણે દાવો કર્યો છે કે, તે કદી પુલવામા એટેકનો આત્મઘાતી આતંકી આદિલ અહમદ ડારને પણ મળ્યો નથી. આ ઓડિયોમાં તેણે પાકિસ્તાની સરકાર અને મીડિયાને ડરપોક ગણાવ્યું છે. નોંધનીય છે કે, આ હુમલાના દિવસે જ જૈશે તેની જવાબદારી લીધી હતી પરંતુ હવે તે તેમની વાતથી પલટી મારી રહ્યા છે.

ગુરુવારે જાહેર કરવામાં આવેલા ઓડિયોમાં મસૂદ અઝહરે કહ્યું છે કે, પુલવામા હુમલાથી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નુકસાન થશે. ઓડિયોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, તેઓ પાકિસ્તાનને કોઈ પણ પ્રકારના યુદ્ધમાં ધકેલવા નથી માગતા અને

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં હજુ આતંકી હુમલાનો ખતરો

**આત્મઘાતી હુમલાખોરો ઘુસ્યા હોવાના અહેવાલ બાદ એલર્ટ : ત્રાસવાદી આકાઓની હાલમાં યોજાયેલી બેઠકમાં ભારતમાં વધુ મોટા હુમલા કરવા નિર્ણય કરાયો : આતંકવાદીઓની યોજના નિષ્ફળ કરવા માટેનો પડકાર**

નવી દિલ્હી,તા. ૨૧

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર ભીષણ ત્રાસવાદી આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ દેશમાં ભારે આક્રોશ છે અને ત્રાસવાદીઓ તેમજ પાકિસ્તાન સામે જોરદાર કાર્યવાહી કરવાની માંગ થઈ રહી છે ત્યારે પુલવામા કરતા મોટા હુમલા થવાનો ખતરો જમ્મુ કાશ્મીર સહિત દેશના



ભાગોમાં તોળાઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૬-૧૭ ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદી આકાઓ અને ત્રાસવાદીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. હુમલા માટેની નીતિ પર આ બેઠકમાં ચર્ચા કરાઈ હોવાના હેવાલ મળ્યા છે. બે ટુકડીમાં દેશમાં ઘુસેલા ખતરનાક ત્રાસવાદીઓ પૈકી કેટલાક બોંબરો પણ છે જે દેશમાં જમ્મુ કાશ્મીર સિવાય અન્યત્ર વહેંચાઈ ગયા છે. તેમને શોધી કાઢવા અને તેમન પકડી પાડવા માટેનો પડકાર ઉભો થઈ ગયો છે. ગુપ્તચર સંસ્થાઓને અહેવાલ મળ્યા બાદ હવે સુરક્ષા વધારે મજબુત કરવામાં આવી રહી છે. ગુપ્તચર હેવાલ મળ્યા બાદ તમામ ભરચક રહેતા વિસ્તારોમાં સુરક્ષા મજબુત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સરકારે વધુ ૧૮ હુર્રિયત નેતાઓની સુરક્ષા પાછી ખેંચી

પુલવામામાં આતંકી હુમલા બાદ ભારત સરકાર દ્વારા કાશ્મીરના અલગતાવાદીઓ પર તવાઈ બોલાવાઈ છે. જેના પગલે જમ્મૂ કાશ્મીરના અલગતાવાદીઓની સુરક્ષા હટાવવાનું શરૂ કરી દીધું છે.

હુરિયતના ગીલાની સહિત મોટા અઢાર નેતાઓ અને અન્ય ૧૫૫ નેતાઓની સુરક્ષા પાછી ખેંચવામા આવી છે.

પુલવામા હુમલા બાદ કેન્દ્રની મોદી સરકારે એક મોટુ પગલું ભર્યું છે. ચાર અલગાવવાદી નેતાઓ બાદ હવે સરકારે ૧૮ વધુ હુરિયત નેતાઓની સુરક્ષા હટાવી દીધી છે.

### મનમોહનસિંહ અમૃતસર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડે તેવી સંભાવના

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અમૃતસર બેઠક પરથી લોકસભા ચૂંટણીમાં જંપલાવી શકે છે. પંજાબ પ્રદેશ કોંગ્રેસ કમિટી આ અંગેનો પ્રસ્તાવ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીની સામે રાખશે. પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ અને પંજાબ કોંગ્રેસના નેતા સુનીલ જાખડની સામે રાખવામા આવ્યો હતો. બંને આ સંદર્ભે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી શકે છે.

### કોંગ્રેસ સાથે ગઠબંધનની વાત કરીને થાક્યા, તેઓ સમજવા તૈયાર નથીઃ કેજરીવાલ

આમ આદમી પાર્ટીના સુપ્રીમો અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને માત આપવા માટે અમે કોંગ્રેસની સાથે ગઠબંધન કરવાની વાત કરી હતી પરંતુ તેઓ વાતને સમજતા જ નથી. અમે કોંગ્રેસની સાથે ગઠબંધનની વાત કરી-કરીને થાકી ગયા છીએ. કોંગ્રેસ અમારી સાથે ગઠબંધન કરવા તૈયાર નથી. કોંગ્રેસ દિલ્હી અને યુપીમાં ભાજપને જીતાવડવા માંગે છે.

## પ્રોવિડંડ ફંડ પર વ્યાજદર ૮.૬૫ ટકા કરાયો

**૭ કરોડથી વધુ ધારકોને નિર્ણયથી સીધો ફાયદો થશે : કેન્દ્રીય શ્રમમંત્રી સંતોષ ગંગવારના નેતૃત્વમાં મળેલી બેઠકમાં નિર્ણય : નાણામંત્રાલયની મંજુરી બાદ નાણાં ખાતામાં જમા**

નવી દિલ્હી,તા. ૨૧

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી (ઈપીએફઓ) દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટે પોતાના ૭ કરોડથી વધારે ધારકોના ઈપીએફ ઉપર વ્યાજદરને વધારી દેવાનો આજે નિર્ણય કર્યો હતો. ઈપીએફ ઉપર વ્યાજદરને ૮.૫૫ ટકાથી વધારીને ૮.૬૫ ટકા કરી દેવામાં આવ્યો છે. ૦.૧૦ ટકાનો ઈપીએફ વ્યાજદરમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે વ્યાજનો દર ૮.૫૫ ટકા હતો. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવતા ૭ કરોડથી વધુ ધારકોને ફાયદો થશે. શ્રમ મંત્રી સંતોષ ગંગવારે આજે કહ્યું હતું કે, ઈપીએફઓ દ્વારા ૨૦૧૮-૧૯ માટે પીએફ થાપણ ઉપર ૮.૬૫ ટકા વ્યાજદર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શ્રમ મંત્રીના નેતૃત્વમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરાયા બાદ આ નિર્ણય કરવામાં આવ્યો હતો. ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા દ્વારા નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણ ઉપર વ્યાજદર અંગે નિર્ણય લેવામાં આવે છે. સીબીટી દ્વારા આ નિર્ણય કરવામાં આવે છે. શ્રમમંત્રી સંતોષ ગંગવારે કહ્યું હતું કે, સીબીટી દ્વારા મંજુર કરવામાં આવેલી દરખાસ્તને નાણા મંત્રાલયની મંજુરીની જરૂર હોય છે. નાણામંત્રાલયની મંજુરી મળી ગયા બાદ ગ્રાહકોના ખાતામાં સીધીરીતે આ વ્યાજદર જમા કરવામાં આવે છે.

ઈપીએફઓ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે તેના ગ્રાહકોને ૮.૫૫ ટકાનું વ્યાજદર આપવામાં આવી રહ્યું હતું જે પાંચ વર્ષની નીચી સપાટીનો હતો. ૨૦૧૬-૧૭માં વ્યાજદર ૮.૬૫ ટકા, ૨૦૧૫-૧૬માં ૮.૮ ટકા વ્યાજદર હતો જ્યારે ૨૦૧૩-૧૪માં ૮.૭૫ ટકા વ્યાજદર હતો. સાથે સાથે ૨૦૧૪-૧૫માં વ્યાજદર ૮.૭૫ ટકા હતો. ૨૦૧૨-૧૩માં વ્યાજદર ૮.૫ ટકાનો હતો. આનો મતલબ એ થયો કે, ઈપીએફઓ દ્વારા ૨૦૧૭-૧૮માં તેના ધારકોને ૮.૫૫ ટકાનો વ્યાજદર અપાયો તો જે સૌથી નીચો વ્યાજદર હતો.

## હજુ મોદી જાદુ યથાવત : લોકપ્રિયતામાં ૮૪ ટકા પ્રજાની પહેલી પસંદ મોદી

**મેગા પોલમાં મોદી સરકાર પર ત્રણ ચતુર્થાંશ પ્રજાએ મોદી પર પસંદગી ઉતારી**

નવી દિલ્હી,તા. ૨૧

દેશમાં આગામી કેટલાક સપ્તાહમાં લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવનાર છે. ટાઈમ્સ મેગા ઓનલાઈન પોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના હરિફો કરતા ખુબ આગળ દેખાઈ રહ્યા છે. મોદીને મોટા ભાગના લોકો ફરી એકવાર વડાપ્રધાન તરીકે જોવા માટે ઈચ્છુક છે. સર્વેમાં ભાગ લેનાર મોટા ભાગના લોકો તેમની સાથે દેખાયા છે. સર્વેમાં હિસ્સો લેનાર ત્રણ ચતુર્થાશ લોકોએ મોદી પર પંસદગી ઉતારી છે. આશરે એટલા જ લોકો માને છે કે ચૂંટણી બાદ મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનનાર છે. આ સર્વેમાં પાંચ લાખ કરતા વધારે યુઝર્સે ભાગ લીધો હતો. સારા અને નક્કર પરિણામ લેવા માટે ઓનલાઈન પોલમાં એવા જ લોકોના અભિપ્રાયની ગણતરી કરવામાં આવી હતી જે યુજર્સ ઈમેલ આઈડીથી લોગ ઓન કરીને સર્વેમાં ભાગ લઈ રહ્યા હતા. લોગ ઓનની



શરત એવી રાખવામાં આવી હતી કે યુઝર્સ વારંવાર

● અનુસંધાન પાન-૭ પર

## માયાવતી અને અખિલેશ વચ્ચે બેઠકોની વહેંચણી મામલે સમજૂતી

**મોદીની વારાણસી સીટ પર અને યોગી આદિત્યનાથના ગઢમાં પણ સપા ઉમેદવારો રહેશે**

લખનૌ, તા. ૨૧

લોકસભા ચૂંટણી માટે



સમાજવાદી પાર્ટ અને બહુજન સમાજ પાર્ટીએ બેઠકોની વહેંચણીની જાહેરાત કરી દીધી છે. કઈ સીટ ઉપર કઈ પાર્ટી લડશે તેની જાહેરાત કરી દેવામાં આવી છે. સપા અને બસપા વચ્ચે ઉત્તરપ્રદેશની ૮૦ લોકસભા સીટો માટે ગઠબંધન થયું છે. આ બંને પાર્ટીઓએ અડધી અડધી સીટો ઉપર લડવાની જાહેરાત કરી છે. પાર્ટીની સીટો સાથી પક્ષો માટે છોડવામાં આવી છે. ૮૦ સીટોમાંથી અમેઠી અને રાયબરેલી કોંગ્રેસ માટે છોડવામાં આવી છે. રાષ્ટ્રીય લોકદળને ત્રણ સીટો આપવામાં આવી છે. આરએલડીને મથુરાના હિસ્સામાં તેની પરંપરાગત મથુરા, બાગપત અને મુઝફ્ફરનગર સીટો આપવામાં આવી છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મોટાભાગની સીટ સમાજવાદી પાર્ટી અને પૂર્વીય ઉત્તરપ્રદેશની મોટાભાગની સીટો બહુજન સમાજ પાર્ટી લડશે. બંને પાર્ટી વચ્ચે થયેલી વહેંચણીમાં અનુસૂચિત જાતિ માટે અનામત સીટો ઉપર બસપનું પ્રભુત્વ રહ્યું છે. યુપીની ૮૦ સીટો પૈકી કુલ ૧૭ સીટો એવી છે જે અનુસૂચિત જાતિ માટે અનામત છે. આમાથી બસપના હિસ્સામાં ૧૦ અને સપાના હિસ્સામાં સાત સીટો આવી છે.

આ ઉપરાંત ૨૦૧૪માં જે પાંચ લોકસભા સીટો ઉપર સમાજવાદી પાર્ટીની જીત થઈ હતી તે સીટોમાંથી પણ સપાના ખાતામાં આવી છે. પ્રદેશની ત્રણ સીટો કેરાના, ગોરખપુર અને ફુલપુર પર પેટાચૂંટણીમાં ગઠબંધનને જીત મળી હતી. કેરાનામાં સમાજવાદી પાર્ટીની ટિકિટ ઉપર આરએલડીના ઉમેદાર મેદાનમાં ઉતર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય વિસ્તાર વારાણસીથી તેમને પડકાર આપવા માટે સપા ઉમેદવાર ઉતરશે. પાટનગર લખનૌ, યોગીના મતવિસ્તાર ગોરખપુર, ઉદ્યોગનગરી કાનપુર, અલ્હાબાદ, ફૈઝાબાદ અને ગાઝિયાબાદમાં સપા ચૂંટણી લડશે.

## સુષ્મા સ્વરાજ આવતા અઠવાડિયે ચીનના વિદેશ પ્રધાનને મળશે

ન્યુ દિલ્હી,તા.૨૧

ચીનમાં આગામી સપ્તાહમાં યોજાનારી રશિયા, ભારત અને ચીનના વિદેશ પ્રધાનોની કૉન્ફરન્સ દરમિયાન વિદેશ પ્રધાન સુષમા સ્વરાજ તેમના સમકક્ષ ચીનના વાંગ યીને મળશે. પાકિસ્તાનસ્થિત જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરને વૈશ્ર્વિક આતંકવાદી તરીકે જાહેર કરવામાં ચીનનો વિરોધ હજુ ચાલુ છે તેવા સમયે આ મુલાકાત ઘણું મહત્ત્વ ધરાવે છે. પુલવામા હુમલા બાદ ભારત-ચીનના વિદેશ પ્રધાનની બેઠક પ્રથમ વાર મળી રહી છે. યુએન દ્વારા વૈશ્ર્વિક આતંકી જાહેર કરવાના પ્રસ્તાવનો વિરોધ કરવામાં ચીનનું વલણ અડગ છે.

## શ્રીનગર અવર-જવર કરવા જવાનો માટે વિમાન સર્વિસ

**પુલવામા હુમલા બાદ અર્ધલશ્કરી દળોની સુરક્ષાને ધ્યાનમાં લઇને નિર્ણય**

નવી દિલ્હી, તા. ૨૧

પુલવામા હુમલા બાદ કેન્દ્ર સરકારે જવાનોની સુરક્ષાને ધ્યાનમાં લઈને મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે અર્ધલશ્કરી દળના જવાન શ્રીનગર આવવા જવા માટે વિમાની યાત્રા કરી શકશે. ગૃહમંત્રાલયના આદેશ મુજબ દિલ્હીશ્રીનગર, શ્રીનગર-દિલ્હી, જમ્મુ-શ્રીનગર અને શ્રીનગર-જમ્મુ વચ્ચે કોઈપણ યાત્રા માટે વિમાની સેવાનો ઉપયોગ કરી શકશે. કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળના તમામ જવાનો માટે આ આદેશ લાગૂ થશે. આ આદેશથી અર્ધલશ્કરી દળોના ૭૮૦૦૦૦ જવાનોને ફાયદો થશે. આમા કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, એએસઆઈથી લઈને અન્ય તમામ પ્રકારના કર્મચારીઓ સામેલ છે. જે લોકોને હવે હજુ સુધી વિમાની યાત્રાઓના અધિકાર ન હતા. આ નિર્ણયને તાત્કાલિકરીતે અમલી કરવાનો આદેશ ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવી ચુક્યો છે. આદેશ મુજબ જવાન ફરજ દરમિયાન યાત્રા કરીને રજા ઉપર શ્રીનગરથી પરત જતી વેળા અથવા તો ફરી આવવા માટે વિમાની યાત્રાનો ઉપયોગ કરી શકશે. પુલવામામાં સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અર્ધલશ્કરી દળોએ એર ટ્રાન્ઝીક્ટની માંગ કરી હતી પરંતુ તેને મંજુર કરવામાં આવ્યો ન હતો. જો કે, ગૃહમંત્રાલયે આ અહેવાલોને રદિયો આપીને કહ્યું છે કે, સીઆરપીએફ તરફથી આવી કોઈપણ માંગ કરવામાં આવી ન હતી. હવે આ પ્રકારની માંગ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. હાલમાં જ સીઆરપીએફના કાફલા પર પુલવામામાં હુમલો કરાયો હતો.


મનાલી ટ્રેકિંગ
@ just 14199
અમદાવાદથી અમદાવાદ
૧૧થી ૨૧ એપ્રિલ, ૨૦૧૯
કશ્યપ નિમાવત 84010 88677
સાગર દેસાઈ 84604 76090

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી |
| સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા |
| બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225